ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૧૨-૯-૨૦૨૧, રવિવાર
૫
હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

# અરવલ્લીની મેશ્વો નદીમાં ઘોડાપૂર

## સીઝનમાં પ્રથમ વખત નદી બે કાંઠે વહેતી થઈ, નદી કિનારાના ગામોને સાવધ કરાયાં

બાયડ તા.૧૧

અરવલ્લી જિલ્લા ઉપરાંત ઉપરવાસમાં છેલ્લા ૨ દિવસથી ધોધમાર વરસાદ વરસતાં મેશ્વો નદીમાં ચોમાસાની સીઝનમાં પ્રથમવાર ઘોડાપૂર આવતાં નદી કિનારાના ગામોને સાવધ કરવામાં આવ્યા છે. ઘણા લાંબા સમય પછી મેશ્વો નદી બે કાંઠે વહેતી થતાં પ્રજા અને ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદના કારણે મેશ્વો નદીમાં ધસમસતો પાણીનો પ્રવાહ વહેતો થવાની સાથે મેશ્વો જળાશયમાં પણ પ્રતિકલાકે ૩૯૬૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે.

એક સપ્તાહ અગાઉ નદી, તળાવ, ચેકડેમ અને મોટા જળાશયો વરસાદના અભાવે તળીયા ઝાટક જોવા મળ્યા. વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાતાં ખેતી ઉપર સંકટના વાદળો ઘેરાયા હતા.

જ્યારે પીવાના પાણીનો પ્રશ્ન વહીવટી તંત્રની અગ્નિ પરીક્ષા લે તેવી સ્થિતિ ઉભી થતાં રાજ્ય સરકારે સંભવિત અછતને ધ્યાનમાં રાખી આગોતરૂ આયોજન ગોઠવ્યું હતું પરંતુ ભાદરવા માસમાં વરસાદે સાર્વત્રિક મેઘમહેર કરતાં હવે પાક અને પાણીનું ચિત્ર સમુળગું બદલાયું છે. અરવલ્લી જિલ્લામાં ભાદરવો ભરપૂર વરસતાં નદી, તળાવ અને ચેકડેમોમાં નવાં નીરની આવક થવા લાગી છે જેમાં છેલ્લા ૨ દિવસથી અરવલ્લીની જીવાદોરી ગણાતી મેશ્વો નદીમાં ધસમસતાં વરસાદી પાણી વહેતાં થયાં છે. ચોમાસાની સીઝનમાં પ્રથમવાર નદીમાં ઘોડાપૂર આવતાં અસંખ્ય લોકો પૂર જોવા માટે નદી કિનારે ઉમટી પડ્યા હતા. જ્યારે ઉપરવાસમાં સતત વરસતા વરસાદને પગલે હજુ પણ પાણીની આવકમાં વધારો થઈ શકે તેમ હોવાથી તંત્ર દ્વારા નદી કિનારાના ગામોને સાવધ રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.



# ખેલૈયાઓમાં ઉત્સાહ : જિલ્લામાં ૪૦૦ લોકોની મર્યાદા સાથે ૨ વર્ષ પછી નવરાત્રિ ઉજવાશે

## નવરાત્રિ સ્થળોએ સરકારી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે

બાયડ તા.૧૧

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે ગયા વર્ષે નવરાત્રિ મહોત્સવનું આયોજન થઈ શક્યું ન હતું પરંતુ આ વર્ષે સરકારે નવરાત્રિ દરમ્યાન રાસગરબાના કાર્યક્રમોને મંજૂરી આપવા માટેની તૈયારીઓ કરી છે. જેમાં ગાયક કલાકારો ડી.જે. સહિત સંગીત કાર્યક્રમો યોજવા ઉપર લીલીઝંડી આપતાં ખેલૈયાઓમાં ઉત્સાહ વ્યાપ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે સરકારની છૂટ આપતાં ૨ વર્ષ પછી નવરાત્રિ મહોત્સવની રંગેચંગે ઉજવણી થશે પરંતુ ૪૦૦ લોકોની મર્યાદા નક્કી કરવામાં આવી છે.



સરકારે સંગીતના કાર્યક્રમો યોજવા માટે ૪૦૦ લોકોની મર્યાદા સાથે જાહેર કાર્યક્રમો યોજવાની મંજૂરી આપતાંની સાથે જ નવરાત્રિના આયોજનોને એક રીતે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. આગામી સમયમાં સરકાર નવરાત્રિ યોજવા માટે વધુ એક નોટીફીકેશન બહાર પાડી શકે છે પરંતુ હાલ તો સંગીત કાર્યક્રમોની છૂટ પછી ખેલૈયાઓમાં ઉત્સાહ વ્યાપી ગયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારની ગાઈડલાઈન પ્રમાણે સાર્વજનિક ગણેશ મહોત્સવોની ઉજવણી શરૂ થયા પછી હવે નવરાત્રિ આયોજકોએ પણ આગામી સમયમાં નવરાત્રિ મહોતસવ યોજવા માટે તૈયારીઓ આરંભી દીધી છે. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે અને ૨ વર્ષ દરમ્યાન ઉજવાતા નવરાત્રિ મહોત્સવો બંધ રહ્યા પછી સરકારે ધાર્મિક તેમજ સાર્વજનિક કાર્યક્રમો યોજવામાં જે રીતે એક પછી એક છૂટ આપી છે તે જોતાં ટૂંક સમયમાં જ નવરાત્રિ યોજવાની ખાસ ગાઈડલાઈન જાહેર થવાની આશા સાથે ખેલૈયાઓ તેમજ નવરાત્રિના આયોજકોમાં થનગનાટ અત્યારથી જોવા મળી રહ્યો છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં ખેડૂતોના હૈયાને ટાઢક આપતો મોજીલો વરસાદ

## અડધાથી ચાર ઈંચ વરસાદ ખાબકતાં ખેતરોમાં પાણી ભરાયાં

બાયડ તા.૧૧

વરસાદની ખેંચ અનુભવતા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન ખેડૂતોના હૈયાને ટાઢક આપતો મોજીલો વરસાદ વરસી રહ્યો છે. સરેરાશ અડધા થી ચાર ઈંચ વરસાદ વરસતાં અતૃપ્ત ખેતરોમાં પાણી ભરાયા હતા. વરસી રહેલા સારા વરસાદથી ખરીફ વાવેતર ઉપરનું સંકટ લાંબા સમય સુધી હલ થયું છે.





ભાદરવામાં મેઘરાજાએ રંગત જમાવતાં બંન્ને જિલ્લાના અઢી લાખથી વધુ ખેડૂતોના પરિવારમાં ખુશાલી જોવા મળી છે. પાછલા ૨ દિવસ દરમ્યાન વરસેલા ૨ થી ૯ ઈંચ વરસાદના કારણે ખેડૂત પરિવારના ત્યાં લાપસીનાં આંધણ મૂકાયા છે. ૩ દિવસ અગાઉ ઓછા વરસાદના કારણે ખેડૂતની આંખમાં પાક નિષ્ફળ જવાના આંસુ હતા પરંતુ વિઘ્નહર્તાના પર્વ અગાઉથી જ ખેડૂતોનાં વિઘ્ન દૂર થતાં હોય તે રીતે પોશીના થી મજરા અને લાંબડીયા થી સાઠંબા સુધીના વિસ્તારમાં ધીમીધાર અને ક્યાંક સૂપડાધારે અવિરત વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદના કારણે સૂકાભઠ્ઠ ચેકડેમ, તળાવ અને નદીઓમાં પાણીની આવક શરૂ થઈ છે. લીલીછમ હરિયાળી ખેતી વધુ સુંદર લાગે છે. બંન્ને જિલ્લામાં ૫ લાખ હેક્ટરથી વધુ જમીનમાં થયેલા ખરીફ વાવેતરને ભરપૂર ફાયદો થઈ રહ્યો છે. ધીમીધારનો વરસાદ ઉભી ખેતી માટે કાચા સોના સમાન ખેડૂતો ગણાવી રહ્યા છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન વિજયનગરમાં સૌથી વધુ ૯૦ મિમી, ઈડર ૮૬ મિમી, ભિલોડા ૬૮ મિમી, ખેડબ્રહ્મા ૬૨ મિમી વરસાદ ખાબકતાં હવે અરવલ્લીની ગીરીકંદરાઓ દૈદિપ્યમાન લાગતાં ઝરણાં ખળખળ વહી રહ્યાં છે.

# અરવલ્લી ભાજપ-સેવા અને સમર્પણ અભિયાન માટે સજ્જ બન્યું

## દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૭ ઓક્ટોબર-૨૦૨૧ સુધી અનેક કાર્યક્રમોના આયોજન : ૧૦૫૮ બુથ ઉપર કાર્યક્રમનું આયોજન, ૧૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખાશે

બાયડ, તા.૧૧

અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશના વડાપ્રધાન ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૭ ઓક્ટોબર-૨૦૨૧ દરમ્યાન સળંગ ૨૧ દિવસ સુધી સેવા અને સમર્પણ અભિયાન હેઠળ જિલ્લાના ૧૦૫૮ બુથ ઉપર અનેક કાર્યક્રમોનું આયોજન થયું છે અને આ માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલના માર્ગદર્શન હેઠળ તમામ બુથ સ્તરે સુધીની સંકલન ટીમો તૈયાર કરવામાં આવી છે.

દેશના વડાપ્રધાનનો જન્મ દિવસ નજીક આવતાં જિલ્લા ભાજપ સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમોનાં આયોજન થયાં છે. તા.૧૦ સપ્ટેમ્બરે મોડાસા ખાતે ભાજપ કાર્યાલયમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલ, સંગઠન મહામંત્રી હસમુખભાઈ પટેલ, ભીખાજી ઠાકોર વગેરેએ સેવા અને સમર્પણ અભિયાન માટે જિલ્લા ઈન્ચાર્જ અને સહઈન્ચાર્જ તેમજ વિવિધ વિભાગના ઈન્ચાર્જોની કામગીરી કાર્યકર્તાઓને સોંપવામાં આવી હતી જેમાં તા.૨૫-૨૬ સપ્ટેમ્બરે પંડીત દિનદયાલ ઉપાધ્યાય જન્મ દિન નિમિત્તે બુથ સ્તરે ૧૦૦ પોસ્ટકાર્ડ લખવા, નમો એપ અને સેવા કાર્ય સંકલ્પ અંગે જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ તા.૧૭ સપ્ટેમ્બરે જિલ્લા તેમજ તમામ ૮ મંડલ કક્ષાએ નદી, તળાવ સફાઈ, વૃક્ષારોપણ, રક્તદાન, મેડીકલ કેમ્પ, રસીકરણ વગેરેના આયોજન કરાયા છે. તા.૨ ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન, ખાદી ખરીદી, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ, સ્વાવલંબી નાના કારીગરોને પ્રોત્સાહીત કરવાના આયોજન પણ કરવામાં આવશે. તા.૧૭ સપ્ટેમ્બર થી ૭ ઓક્ટોબર દરમ્યાન થનારા તમામ કાર્યક્રમોનું બુથ લેવલથી યોગ્ય મોનિટરીંગ થાય, વધુ ને વધુ લોકો તેમાં સામેલ થાય તે જોવા માટે જવાબદાર કાર્યકરોને અનુરોધ કરાયો હતો. વડાપ્રધાનના જન્મ દિન નિમિત્તે જિલ્લામાંથી ૧૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખવાનો નિર્ધાર કરાયો છે અને તે માટે જિલ્લા સંગઠન ઉપપ્રમુખે પોસ્ટકાર્ડનું યોગદાન આપવાની જાહેરાત કરી હતી. બેઠકમાં બુથ સ્તરે થનારા કાર્યક્રમો, પર્યાવરણ-સ્વાસ્થ્ય, સેવાકીય કાર્યક્રમો અંગે ઈન્ચાર્જોને અલગથી જવાબદારી સોંપવામાં આવી હતી.

### આનંદો : અરવલ્લી નવા ભાજપ કાર્યાલયનું દેવદિવાળી પહેલાં લોકાર્પણ

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે જણાવ્યું કે અરવલ્લી જિલ્લા કમલમ્ ભાજપ કાર્યાલયનું નિર્માણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ૩ માળની ઈમારત પ્રમુખ-૩ સંગઠન મહામંત્રી તેમજ વિવિધ મોરચાના પ્રમુખો માટે ચેમ્બર બનાવવામાં આવી છે. ૩૫૦ કાર્યકરો એક સાથે બેસી શકે તેટલો વિશાળ હોલ અને ૫૦ ડેલીગેટ્સ સાથે મીટીંગ કરી શકાય તેવા કક્ષનું નિર્માણ કરાયું છે. દરેક મંડલ સ્તરેથી અરવલ્લી-કમલમના નિર્માણ માટે સહયોગ મળે તેવી અપીલ કરી હતી અને આ માટે દરેક મંડલ સ્તરે સંગઠન હોદ્દેદારો પ્રવાસ કરશે તેમ જણાવી આગામી લાભપાંચમ થી દેવદિવાળી સુધીમાં અરવલ્લી ભાજપ કમલમનું લોકાર્પણ કરશે થશે તેમ રણકા સાથે જણાવ્યું હતું.

### કાર્યકર્તા ભાજપની સાચી મૂડી, કોઈને અન્યાય નહીં થાય : સંગઠન પ્રમુખ

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત ગણેશ ચતુર્થીના દિવસે યોજાયેલી જિલ્લા બેઠકમાં જણાવ્યું હતું કે સંગઠન પ્રમુખ બન્યા પછી મેં અનેક કષ્ટ વેઠ્યા છે પરંતુ સત્ય હોવાથી દરેક કષ્ટમાંથી બહાર આવ્યો છું. મારા કાર્યકરબંધુઓને આવા કોઈ કષ્ટ વેઠવા ન પડે તે માટે વિઘ્નહર્તા દેવને પ્રાર્થના કરૂ છું તેમ જણાવી કાર્યકર્તા ભાજપની સાચી મૂડી છે અને હું કોઈને પણ અન્યાય નહીં થવા દઉં તેમ જણાવ્યું હતું.

# ઉત્તર ગુજરાતના એસ.ટી. કર્મીઓનું ૧૬ સપ્ટેમ્બરથી રાજ્ય વ્યાપી આંદોલન

## પડતર પ્રશ્નો, ખાનગીકરણ મુદ્દે આંદોલનનો જંગ

બાયડ તા.૧૧

ગુજરાત રાજ્યના એસ.ટી. કર્મચારીઓના પડતર પ્રશ્નો લાંબા સમયથી ન ઉકેલાતાં આંદોલનની તૈયારીઓ કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં નિગમ બચાવો, કામદાર બચાવોના નારા સાથે ૫ જિલ્લાના એસ.ટી. કર્મચારીઓએ રાજ્ય વ્યાપી આંદોલનને ટેકો આપવા માટે તૈયાર થયા છે. સરકાર સામે વિરોધ દર્શાવવાના આશયે એસ.ટી. યુનિયન દ્વારા રાજ્ય વ્યાપી આંદોલન આપવામાં આવ્યું છે જેમાં તા.૧૬ સપ્ટેમ્બરથી ૩ દિવસ એસ.ટી. કર્મચારીઓ કાળીપટ્ટી ધારણ કરી જિલ્લા કક્ષાએ કલેક્ટરને આવેદનપત્ર આપનાર હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ ફેડરેશન ગુજરાત રાજ્ય એસ.ટી. કર્મચારી મહામંડળ અને એસ.ટી. મજદૂર સંઘની સમિતિ દ્વારા કર્મચારીઓના પ્રશ્નોની સરકારમાં રજૂઆત કરવામાં આવી હોવા છતાં સરકાર દ્વારા આજદિન સુધી કોઈ નિવેડો આવ્યો નથી જેથી એસ.ટી. કર્મચારીઓના હિતમાં લડતનું એલાન કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના તમામ કર્મચારીઓ રાજ્ય વ્યાપી



આંદોલનને ટેકો જાહેર કરી માસ સી.એલ. ઉપર ઉતરી જવાની તૈયારીમાં છે. જ્યાં સુધી પ્રશ્નનો નિવેડો ન આવે ત્યાં સુધી અચોક્કસ મુદત સુધી કર્મચારીઓ માસ સી.એલ. ઉપર રહે તે પ્રકારે લડતની તૈયારી કરવામાં આવી છે. મોંઘવારી ભથ્થાની રકમ તેમજ વર્ગ-૪ના કર્મચારીઓને કરાર મુજબ ૨ વર્ષનું બોનસ મળ્યું નથી. તા.૬-૩-૧૯ના લેખિત સમાધાન મુજબ ૭મા પગારપંચના એરિયર્સના છેલ્લા હપ્તાનું પણ ચૂકવણું બાકી છે. જ્યારે ચડત રજાનો રોકડમાં રૂપાંતર કરવાનો પ્રશ્ન ઘણા સમયથી અદ્ધરતાલ છે. ૭મા પગારપંચમાં કંડક્ટરના પગાર ધોરણમાં વિસંગતતા દૂર કરવા સહિત કંડક્ટર, ડ્રાઈવર તેમજ બઢતીમાં ટ્રીપલ પરીક્ષા પાસ કરવાની જોગવાઈ રદ કરવા સહિતની માંગ સાથે એસ.ટી. યુનિયનો દ્વારા અચોક્કસ મુદતની રાજ્ય વ્યાપી આંદોલનની તૈયારીઓ કરવામાં આવી છે.

# રાજકીય નવાજૂની : ખેતી બેન્કના પૂર્વ ચેરમેનનો ભાજપમાં પ્રવેશ નિશ્ચિત

## ખેતી બેન્કના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી સમયે સૂચક હાજરી

હિંમતનગર, તા.૧૧

ખેતી બેન્ક-અમદાવાદના પૂર્વ ચેરમેન કનુભાઈ એમ. પટેલ(બાયડ) ગમે તે ઘડીએ ભાજપનો ખેસ ધારણ કરશે તેવી અટકળોએ સહકારી રાજકારણમાં હલચલ મચાવી છે. આગામી તા.૧૬ સપ્ટેમ્બરે સાબરડેરીના ચેરમેન-વાઈસ ચેરમેનની બીજી ટર્મ માટે ચૂંટણી યોજાવવાની છે તે પૂર્વે ખેતી બેન્કના પૂર્વ ચેરમેનના ભાજપ પ્રવેશની લોકચર્ચાએ ભાજપના સહકારી આગેવાનોને વિચારતા કરી દીધા છે. વિચારવા પાછળનું કારણ એ છે કે અમદાવાદમાં યોજાયેલ ખેતી બેન્કના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી સમયે પૂર્વ ચેરમેનની હાજરી ઘણી સૂચક જોવા મળી.

રાજકારણમાં ક્યારેય કોઈ કાયમી દુશ્મન કે મિત્ર હોતા નથી. સમય પારખીને અનેક આગેવાનો સોગઠી મારતા આવ્યા છે અને તેના એક નહીં અઢળક ઉદાહરણો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ઉપરાંત રાજ્યમાં જોવા મળી રહ્યા છે. ખેતી બેન્ક-અમદાવાદની

● અનુસંધાન પાના - ૭ પર

# ગરીબોની કસ્તૂરી ફરી રડાવશ : ઉત્તર ગુજરાતમાં ડુંગળીના ભાવ ઉંચકાય તેવો વર્તારો

આગામી દિવસોમાં ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળી ઉત્તર ગુજરાતની પ્રજાને આંખમાં પાણી લાવી શકે છે. મે. મહિનામાં ત્રાટકેલા વાવાઝોડા અને અનિયમિત વરસાદથી ઉત્પાદનને અસર થવાની દહેશત છે. મોંઘવારીના મારથી પીડીત પ્રજા માટે ડુંગળીનો ભાવ વધારો અસહ્ય થઈ શકે છે.

સ્વાદિષ્ટતા માટે ડુંગળી અનિવાર્ય હોય છે. પરંતુ ખરીફ પાકના ઉતારામાં ૪૦ થી ૬૦ દિવસનો વિલંબ સંભવ બન્યો છે. જેના કારણે ખાદ્યચીજોમાં મોંઘવારીનો ભડકો થવાની દહેશત વચ્ચે આગામી ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં ડુંગળીનો ભાવ રૂા.૩૦ થી વધુ થવાની દહેશત સેવાઈ રહી છે. અગાઉના વર્ષોમાં ડુંગળીમાં ભડકે બળતા ભાવના કારણે કેન્દ્રની યુ.પી.એ. સરકાર સામે વિપક્ષોએ મોરચો માંડ્યો હતો અને પાકીસ્તાન સહિત અન્ય દેશમાંથી ડુંગળી આયાત કરવાની નોબત આવી હતી. આ વર્ષે તાઉતે વાવાઝોડાએ સમગ્ર ચોમાસાની સીસ્ટમને ડીસ્ટર્બ કરી છે. જુલાઈ-ઑગષ્ટ મહિનામાં ધારણા કરતાં ઓછો વરસાદ અને તેના કારણે ખરીફ પાક ઉત્પાદનને ફટકો પડવાની દહેશત છે. ભાદરવાના આરંભે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ખરીફ વાવેતરને એકાદ મહિનાનું જીવતદાન આપનારો વરસાદ વરસ્યો છે પરંતુ મહારાષ્ટ્રમાં ડુંગળીની આવક મોંડી થવાની સંભાવના છે.